India Foundation for the Arts
I F A

# ઈન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ
# (INDIA FOUNDATION FOR THE ARTS)
## કલા સંશોધન અને દસ્તાવેજીકરણ

આપને કલાકાર કે સંશોધક તરીકે

(૧) કલા પ્રણાલિકા કે રસમનું કઈ રીતે નિર્માણ થાય છે અને સમયાંતરે તે શૈલિ કે પરંપરામાં કઈ રીતે સ્વીકૃતિ પામે છે.

અથવા

(૨) સમકાલિન કલા વિશ્વમાં પરિવર્તન પામતી પ્રણાલીઓ અંગેનાં અભ્યાસમાં અભિરૂચિ છે ?

- **ક્ષેત્ર-વ્યાપ :-**

આ અનુદાન કાર્યક્રમ હેઠળ વિદ્વાનો/સંશોધકો અને કલાકારોને નીચેના બે પૈકી કોઈ એક વિષયવસ્તુ પર સંશોધન અને દસ્તાવેજીકરણનો પ્રકલ્પ હાથ ધરવા માટે સહાય પૂરી પાડવામાં આવશે.

**(૧)** સમકાલીન કલા પદ્ધતિઓને લગતું સંશોધન અને દસ્તાવેજી કરણ.

સંશોધક કે કલાકાર તરીકે આપને સમકાલીન કલાના વિકાસ કે પરિવર્તન પામતી પ્રણાલીઓનો અભ્યાસ કરવામાં રસ હોય શકે. ઉદાહરણ તરીકે આપને ટેકનોલોજીનાં પરિચ્છેદક તરીકે ટેલિવિજન કે ઈન્ટરનેટ અને સમકાલીન કલાનો અભ્યાસ કરવો ગમે અથવા પ્રાદેશિક જાતિ/વર્ગ કે કુદરતી વાતાવરણને આનુસાંગિક સ્થળપરક કાર્યમાં રૂચિ હોય કે પછી કલાકાર અને શ્રોતાવૃંદ વચ્ચેની ભેદરેખા ભૂંસતી લોકતંત્રાત્મક કળાપદ્ધતિઓનાં અભ્યાસનું આકર્ષણ હોય શકે.

(૨) કલા પરંપરાઓનાં નિર્માણ અથવા નવસાધ્યતા અંગેના આલોચનાત્મક સંશોધન અને દસ્તાવેજીકરણ.

ટ્રેડિશન શબ્દ લેટીન ભાષાનાં 'ટ્રેડિશનેમ' પદ પરથી ઉતરી આવ્યો છે. જેનો વાચ્યાર્થ 'હસ્તાંતરણ' થાય છે. જ્ઞાન, માન્યતાઓ, દંતકથાઓ અને કલાની વિવિધ અભ્યાસ પ્રણાલીઓ એક પેઢીમાંથી બીજી પેઢીમાં હસ્તાંતરિત થતા હોય છે. 'પરંપરા' શબ્દ દિર્ઘકાળથી પ્રસ્થાપિત થયેલ સાંસ્કૃતિક માન્યતાઓ અને રૂઢિ ઓના અવિચ્છિન પ્રતિરૂપો માટે પણ વપરાય છે. જોકે, પરંપરા ચોક્કસ પ્રણાલિઓ, માન્યતાઓ મૂલ્યો અને વર્તનને લગતા ધોરણોનો અતિ પ્રભાવશાળી સ્ત્રોત પૂરો પાડતી હોવાના કારણે માત્ર વારસાગત રીતે વહન થવાને બદલે સમયાંતરે તેનું નિર્માણ અને પુનઃ ગઠન થતું રહે છે.

'પરંપરા' તરીકે પ્રચલિત અનેક અભ્યાસ પ્રણાલીઓ વાસ્તવમાં તો અર્વાચીન 'અન્વેષણ' છે. જે મહદ્ અંશે અમુક કૃતિ / ક્રિયાને પ્રમાણિત કરવા, સત્તાનાં સમીકરણો કે સામજિક અધિક્રમોને પોષવા, જૂથ સુસંબદ્ધતા અને સામૂહિક ઓળખ અથવા રાજકીય ફતવાઓ કે વિચારસરણીઓને પૃષ્ટિ આપવા – વગેરે જેવા વિવિધ કારણોસર ઈરાદાપૂર્વક રચાતી હોય છે. નવો પ્રેક્ષક વર્ગ કે બજાર ઉભા કરવા માટે પણ કલા 'પરંપરાઓ' ને ઈરાદાપૂર્વક પુનઃ વ્યાખ્યાયિત કે પુનઃ નિર્મિત કરવામાં આવે છે.

ઉપરોક્ત વિષય વસ્તુ અંતર્ગત પરંપરાઓનું નિર્માણ 'શા માટે' અને 'કઈ રીતે' થાય છે તે અંગેના અભ્યાસમાં રૂચિ ધરાવનારા સંશોધકો કે કલાકારો અનુદાનનો લાભ લઈ શકે છે. ઉદાહરણ સ્વરૂપ, આપને કોઈ પરંપરાના નિર્માણ કે પુનઃ ગઠન દરમ્યાન સર્જાતા નવા અર્થો, મૂલ્યો અને પ્રતિકોનો અભ્યાસ હાથ ધરવામાં રસ હોય શકે, અથવા, આ પ્રક્રિયા દરમ્યાન શું છૂટયું, લુપ્ત થયું,

છૂપાવવામાં કે અવરોધિત કરવામાં આવ્યું તેવો અભ્યાસ કરવામાં રૂચિ હોય શકે. અથવા તો આપને આખી ઘટના કલાકાર, કલા સ્વરૂપ/પ્રણાલી અને તેના નિર્માણ અને સ્વીકારનાં સંબંધોમાં કઈ રીતે પરિવર્તન લાવે છે તે જાણવામાં રસ હોય અથવા આ બધા પાછળ છૂપાયેલા પ્રભાવો અને વિચારસરણીનું અવલોકન કરવામાં આપને રસ પડી શકે.

- **દરખાસ્ત :-**

IFA નાં કર્મચારીઓ આ અનુદાન યોજના સંબંધિત આપનાં કોઈપણ પ્રશ્નોના ઉત્તર આપવામાં હંમેશા આતુર હોય છે. આપના વિચારો અંગેની ચર્ચા માટે આપ અમારો સંપર્ક કરી શકો છો, અથવા આપના પ્રસ્તાવની એક રૂપરેખા તૈયાર કરી અમારા સૂચનો અને અભિપ્રાયો માટે April 30, 2014 પહેલા મળે તે રીતે મોકલી શકો છો.

- આપની અંતિમ દરખાસ્તની નકલ (હાર્ડ કોપી) અમને May 31, 2014 કે તે પહેલાં મળવી જરૂરી છે. July 2014 સુધીમાં અનુદાન-દરખાસ્ત પસંદગી સંબંધિત જાહેરાત થઈ જશે.
- આપ આપની દરખાસ્ત ભારતની અંગ્રેજી સહિતની કોઈપણ ભાષામાં રજૂ કરી શકો છો.
- આપના પ્રકલ્પની સમયમર્યાદા ઓછામાં ઓછી ૧૨ માસ અને વધુમાં વધુ ૧૮ માસની રહે તે જરૂરી છે.
- આપ રૂા. ૩ લાખ સુધીનાં અનુદાન માટે દરખાસ્ત કરી શકો છો. જો આપ એક ફિલ્મ નિર્માતા હો તો રૂપિયા ૫ લાખ સુધીનાં અનુદાનની માગણી કરી શકો છો.

પ્રકલ્પની સમગ્ર સમય અવધિ દરમ્યાન આપ રૂા. ૧,૪૪,૦૦૦/-ની મર્યાદામાં માનદ્‌વેતનનો અંદાજીત ખર્ચ દર્શાવી શકશો. કૃપા કરીને નોંધશો કે કુલ અનુદાનની રકમમાં માનદ્‌વેત સમાવિષ્ટ છે.

આપના આવેદન પત્રમાં નીચે દર્શાવેલી વિગતો સમાવિષ્ટ કરશો :

(અ) નિશ્ચિત કલા પરંપરા/ઓ અને / અથવા આપ જેનો અભ્યાસ અથવા જેનું દસ્તાવેજીકરણ કરવા માંગો છો તે સમકાલીન કલા પ્રણાલી.

(બ) આપના પ્રકલ્પના કેન્દ્રવર્તિ સંશોધન પ્રશ્નો.

(ક) આપ અનુસરવા માંગતાહો તે સંશોધન પદ્ધતિઓ અને / અથવા આપના વિષયાભ્યાસ માટે જો આપ કોઈ નવી પદ્ધતિઓનો ઉપયોગ કરવા માંગતા હો તો તે અંગેની માહિતી.

(ડ) આપના પ્રકલ્પનો પૂર્વાનૂમાનિત સમયગાળો અને કાર્ય-આયોજન.

(ઈ) આપના પ્રકલ્પની સૂચિત ફલશ્રુતિ.

- નીચેનામાંથી કોઈપણ વિગતો ખૂટતી જણાશે તો દરખાસ્તને અપૂર્ણ ઠરાવવામાં આવશે :

(અ) આપના કાર્ય અંગે ખ્યાલ આપતું કોઈ પણ પ્રકારનું પુષ્ટિ સાહિત્ય (જો હોય તો )

(બ) આપનું પરિચયવૃત્ત (બાયોડેટા)

(ક) અનુદાનની રકમ કઈ રીતે વાપરશો તેનું સવિસ્તાર વિવરણ આપને અન્ય સ્ત્રોત માંથી સહાય મેળવનાર હો તો તેની વિગતો.

(ડ) આપનું સરનામુ, ફોન નં. / ફેક્ષ, ઈમેઈલ સરનામુ.

(ઈ) જો આપ કોઈ સંસ્થા વતી અરજી કરતા હો તે સંસ્થાનો સંક્ષિપ્ત પરિચય તેમજ છેલ્લા ત્રણ વર્ષનાં ઓડિટ કે હિસાબ પત્રો, મેમોરેન્ડમ ઓફ એસોસિએશન, ટ્રસ્ટ ડીડ અને વાર્ષિક અહેવાલોની નકલો.

- **સામાન્ય માહિતી :-**

(૧) અમારા અનુદાનની રકમ અંતર્ગત માત્ર પ્રકલ્પને લગતા અંગત ખર્ચ, પ્રવૃત્તિ અને પ્રવાસ ખર્ચનો તેમજ જરૂર જણાય ત્યાં અલ્પમાત્રામાં સાધન-સામગ્રીનો સમાવેશ થાય છે. કૃપા કરી ખ્યાલ રાખશો કે પ્રત્યેક ખર્ચ ચોક્કસ પણે પ્રકલ્પ સંબંધિત ચોક્કસ વિભાગને લગતો જ હોય.

(૨) આપ વ્યકિગતગ રીતે દરખાસ્ત કરતા હો તો એક હિસાબનીસની જોગવાઈ પણ રાખશો.

(૩) કૃપા કરીને સંસ્થાના વહિવટી ખર્ચ, બાંધકામ ખર્ચ અને સંરચના આધારિત કોઈ ખર્ચનો સમાવેશ અંદાજીત ખર્ચમાં કરશો નહીં.

(૪) દરખાસ્તનાં કોઈપણ ભાગમાં મહેરબાની કરીને આપની ઓળખ છતી થાય તેવી નિશાની કરશો નહીં.

(૫) આપની દરખાસ્તની રૂપરેખા આપ ઈ-મેઈલ દ્વારા મોકલી શકો છો. પરંતુ અંતિમ દરખાસ્ત અને દરેક પ્રકારનું પુષ્ટિ-સાહિત્ય માત્ર હાર્ડકોપીમાં જ સ્વીકારાશે અને દરખાસ્ત અમને May 31, 2014 અથવા તે પહેલાં મળે તે આવશ્યક છે.

(૬) આપની દરખાસ્ત અને તેનું પુષ્ટિસાહિત્ય અમારા સુધી સમયસર પહોંચે તે માટેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે. સમય મર્યાદા પૂર્ણ થશે દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહીં.

(૭) જો આપની દરખાસ્ત અનુદાન માટે સૂચિત થશે તો આપને મૂલ્યાંકન માટે આમંત્રિત કરવામાં આવશે.

(૮) આપની દરખાસ્તનું બાહ્ય પરામર્શકો દ્વારા પરામર્શન થશે અને આઈ.એફ.એ. નો અનુદાન અંગેનો નિર્ણય આખરી ગણાશે.

- **યોગ્યતા :**

જો આપ એક ભારતીય નાગરીક છો, બીન-વ્યાવસાયિક નોંધાયેલ ભારતીય સંગઠન/મંડળ છો અથવા ઓછામાં ઓછા પાંચ વર્ષથી ભારતમાં વસવાટ કરો છો તો આપ દરખાસ્ત કરવા માટેની યોગ્યતા ધરાવો છો.

આપની દરખાસ્ત અને અન્ય માહિતી માટે કૃપા કરી નીચેના સરનામે

Tanveer Ajsi,
Programme Executive
India Foundation for the Arts,
'Apurva', Ground floor, No 259,
4th Cross, Raj Mahal Vilas, 2nd Stage, 2nd Block,
Bengaluru 560 094.
Tel: 080 23414681/82
E-mail: tanveerajsi@indiafa.org